# ૨.૨ દ્વીપો – ક્ષેત્રો– સમુદ્રો અને પર્વતો

આ વિશાળ પૃથ્વીપર ઉપર આપણે જાણીએ છીએ તેનાં કરતાં અસંખ્ય–સંખ્યાતીત દ્વીપ–સમુદ્રો આવેલા છે. જેનું વર્ણન જૈન દર્શનના ગ્રંથોમાં આપવામાં આવેલું છે. એક એક દ્વીપ–સમુદ્રનું વર્ણન કરતાં આખો ગ્રંથ ભરાઈ જાય, પણ અહીં તો માત્ર દ્વીપ–સમુદ્રોનું સામાન્ય અંગુલી–નિર્દેશન કરવા પ્રયત્ન કરેલ છે.

આપણે જે પૃથ્વી ઉપર રહીએ છીએ તેનું નામ રત્નપ્રભા પૃથ્વી છે. તેની જાડાઈ ૧,૮૦,૦૦૦ (એક લાખ એંશી હજાર) યોજન અને લંબાઈ પહોળાઈ (ચારેબાજુ ગોળાકારે) એક રજ્જુ પ્રમાણ એટલે અસંખ્ય ક્રોટાક્રોટી યોજન પ્રમાણ છે.

આ દ્વીપ–સમુદ્રના નામો ક્રમસર પુષ્કર સમુદ્ર પછી, વારુણીવર, ક્ષીરવર, ઘૃતવર, ઈક્ષુવર, નંદીશ્વર આ પછી દરેક નામની સાથે વર–વરાવભાસ એમ ત્રણ દ્વીપ–સમુદ્રો આવેલા છે અને વિસ્તારમાં ડબલ–ડબલ વિસ્તારવાળા છે.

જેમકે આપણે રહીએ છીએ તે જંબૂદ્વીપ, તે પછી અસંખ્ય દ્વીપ–સમુદ્ર પછી બીજો જંબૂદ્વીપ જંબૂસમુદ્ર આવે, તેના પછી જંબૂવરદ્વીપ–જંબૂવરસમુદ્ર આવે તે પછી જંબૂવરાવભાસ દ્વીપ –જંબૂવરભાસ સમુદ્ર આવે તે પછી અસંખ્ય દ્વીપ – સમુદ્રો પછી ત્રીજો જંબૂદ્વીપ–જંબૂસમુદ્ર આવે એમ અસંખ્ય–અસંખ્ય દ્વીપ–સમુદ્ર પછી તે નામનો દ્વીપ સમુદ્ર આવે, આમ દરેક નામની અસંખ્ય દ્વીપો છે અને અસંખ્ય સમુદ્રો છે.

છેલ્લા પાંચ દ્વીપ સમુદ્રો એક એક છે, તે આ પ્રમાણે : છેલ્લેથી પાંચમો દેવદ્વીપ–દેવસમુદ્ર છેલ્લેથી ચોથો નાગદ્વીપ નાગસમુદ્ર છેલ્લેથી ત્રીજો યક્ષદ્વીપ યક્ષસમુદ્ર, છેલ્લેથી બીજો ભૂતદ્વીપ–ભૂતસમુદ્ર અને છેલ્લો સ્વયંભૂરમણ દ્વીપ અને સ્વયંભૂમણ સમુદ્ર આવેલો છે. તે પછી માત્ર એકલું અનંત આકાશ છે.

અઢીદ્વીપ અને બે સમુદ્ર સુધી જ એટલે જંબૂદ્વીપ, લવણસમુદ્ર, ઘાતકીખંડ દ્વીપ, કાલોદધિસમુદ્ર અને પુષ્કરવર દ્વીપ અડધા સુધીમાં મનુષ્યોની ઉત્પતિ–જન્મ–મરણ, અગ્નિ વરસાદ, ગર્જના વીજળી નદીઓ, ડહો–સરોવર, દિવસ–રાત–મહિના વગેરે વ્યવહાર અને મોટા પર્વતો મોટા ક્ષેત્રો આવેલા છે. પછીના દ્વીપ–સમુદ્રોમાં વાચાની કોઈ વસ્તુ હોતી નથી. તેમજ ચંદ્ર–સૂર્ય સ્થિર હોય છે. એટલે જ્યાં સૂર્ય હોય ત્યાં સૂર્યનો પ્રકાશ અને ચંદ્ર હોય ત્યાં ચંદ્રનો પ્રકાશ જ હોય છે. તેમજ બધે તિર્યંચોની ઉત્પતિ હોય છે.

## ક્ષેત્રો

ક્ષેત્ર એટલે સર્વ માનવ વસતિને રહેવાલાયક પૃથ્વી. આ જંબૂદ્વીપમાં ૭ મહાક્ષેત્રોછે. દરેક બે ક્ષેત્રની વચ્ચે એક વર્ષધર ( મોટા પર્વતો) આવેલા છે. તે કુલ ૬ મોટા પર્વતો છે. સાત ક્ષેત્રના નામ આ પ્રમાણે છે. ૧) ભરત ક્ષેત્ર, ૨) હેમવંત ક્ષેત્ર, ૩) હરિવર્ષ ક્ષેત્ર, ૪) મહાવિદેહ ક્ષેત્ર, ૫) રમ્યક્ ક્ષેત્ર, ૬) હિરણ્યવંત ક્ષેત્ર, ૭) ઐરાવત ક્ષેત્ર....

જંબૂદ્વીપના મધ્યભાગે મહાવિદેહ ક્ષેત્ર આવેલું છે. તેની દક્ષિણ દિશાએ ભરત–હિમવંત અને હરિવર્ષ ક્ષેત્ર આવેલું છે. ઉત્તર દિશાએ રમ્યક્, હિરણ્યવંત અને ઐરાવત ક્ષેત્ર આવેલું છે.

**ભરત ક્ષેત્ર** : એક પલ્યોપમનાં આયુષ્યવાળા ભરત નામનાં દેવ આ ક્ષેત્રના અધિપતિ છે. તેથી ભરત ક્ષેત્ર કહેવાય છે. જેમાં આપણે બધા વસીએ છીએ.

**હેમવંત ક્ષેત્ર** : હિમવંત અને મહાહિમવંત વર્ષધર પર્વતની મધ્યમાં હેમવંત ક્ષેત્ર આવેલું છે. તથા હેમ એટલે સુવર્ણ, સર્વ ઉપભોગ માટેનાં સાધનો સુવર્ણમય છે તથા શિલાપટ્ટકો ઉપર બેઠેલા યુગલિકો સુવર્ણમય દેખાવાથી હેમવંત ક્ષેત્ર કહેવાય છે.

**હરિવર્ષ ક્ષેત્ર** : હરિ એટલે સૂર્ય અને ચંદ્ર પણ અર્થ થાય છે. આ ક્ષેત્રમાં રહેલા કેટલાક યુગલિયા સૂર્ય જેવી લાલ પ્રભાવાળા કેટલાક યુગલિયા ચંદ્રસમાન શ્વેત પ્રભાવાળા હોય છે. તેથી તેને હરિવર્ષ ક્ષેત્ર કહેવાય છે.

**મહાવિદેહ ક્ષેત્ર** : વિદેહ એટલે શરીર, કર્મ ભૂમિની અપેક્ષાએ આ ક્ષેત્રનાં મનુષ્યોનું શરીર ઉદાર–મોટું હોવાથી મહાવિદેહ કહેવાય છે. બીજા ક્ષેત્રની અપેક્ષાએ આ ક્ષેત્ર લંબાઈ અને પહોળાઈમાં

jainuniversity.org

મોટું છે. સદાકાળ ધર્મ હોય છે. અને ૪થા આરાના ભાવો હોય છે.

**રમ્યક્ ક્ષેત્ર** : અહિંના યુગલિકો સુવર્ણ મણિ જડિત કલ્પવૃક્ષોથી યુક્ત રમણીય પ્રદેશમાં રમતા – ક્રીડા કરતાં હોવાથી રમ્યક્ ક્ષેત્ર કહેવામાં આવે છે.

**હિરણ્યવંત ક્ષેત્ર** : રુકમી પર્વત રૂપાનો છે. શિખરી પર્વત સોનાનો છે. બંને પર્વતોની વચમાં આ ક્ષેત્રમાં આવેલું હોવાથી હિરણ્યવાળા શિખરો દેખાય છે. આ ક્ષેત્રને હિરણ્યવંત ક્ષેત્ર કહેવાય છે.

**ઐરાવત ક્ષેત્ર** : આ ક્ષેત્રના અધિપતિ (રાજા) ઐરાવત નામનો દેવ છે. અહિં બધી વ્યવસ્થા ભરત ક્ષેત્ર જેવી જ રહેલી છે.

આમાં ભરતક્ષેત્ર–ઐરાવતક્ષેત્ર અને મહાવિદેહ ક્ષેત્ર ના કર્મભૂમિ કહેવાય છે. કર્મભૂમિ એટલે જેમાં અસિ તલવાર વગેરે, મષિ –લખવા વગેરે કૃષિ–ખેતી વગેરેનો વહેવાર હોય છે.

હરિવર્ષ ક્ષેત્ર–રમ્યકક્ષેત્ર હિમવંત ક્ષેત્ર હિરણ્યવંત ક્ષેત્ર દેવકુરૂ અને ઉત્તરકુરૂ આ ક્ષેત્રો અકર્મભૂમિ છે. ત્યાં યુગલિક મનુષ્યો હોય છે તેથી યુગલિક ક્ષેત્ર પણ કહેવાય છે.

## પર્વતો

ભરતક્ષેત્રમાં એક , ઐરાવતક્ષેત્રમાં એક અને મહાવિદેહક્ષેત્રની ૩૨ વિજયોમાં એક એક એમ કુલ ૩૪ દીર્ઘ વૈતાઢ્ય પર્વત છે.

જયારે હરિવર્ષ ક્ષેત્ર, રમ્યક ક્ષેત્ર, હિમવંત ક્ષેત્ર અને હિરણ્યવંત ક્ષેત્ર આમાં એક એક ગોળ વૈતાઢ્ય પર્વત છે.

દીર્ઘ વૈતાઢ્ય પર્વતના યોગે દરેક ક્ષેત્રના બે બે વિભાગ થાય છે અને ગંગા મહાનદી અને સિંધુ મહાનદી પોતે ત્રણ ત્રણર વિભાગ પડે છે એટલે દરેક ક્ષેત્રમાં ૭–૭ વિભાગ થાય છે.

આ જંબૂદ્વીપમા છ મોટા વર્ષધર પર્વતો છે. (૧) હિમવંત (૨) મહાહિમવંત (૩) નિષધ (૪)નીલવંત (૫) રુકમી અને (૬) શિખરી પર્વત છે.

આ છ પર્વતો ને વર્ષધર અથવા કુલગિરિ કહેવાય છે. વર્ષ એટલે ક્ષેત્ર અને ધર એટલે ધારણ કરનાર, મહા ક્ષેત્રોની મર્યાદા બાંધીને રહેલાં હોવાથી અર્થાત્ સાત મહાક્ષેત્રોની વચ્ચે  વચ્ચે હોવાથી સાત ક્ષેત્રોની મર્યાદા કરે છે. એટલે વર્ષધર કહેવાય છે. કુલ એટલે સમુદાય અને ગિરિ એટલે પર્વત અને છ એ મોટા પર્વતોનો સમુદાય હોવાથી તેને કુલ ગિરિ પણ કહેવાય છે. દરેકના નામ પ્રમાણે જ તે–તે નામના અધિપતિ દેવો છે.

આ પર્વતો પૂર્વ–પશ્ચિમ લવણ સમુદ્રને સ્પર્શેલા છે જેનો એક છેડો પૂર્વ તરફના લવણ સમુદ્ર સુધી અને બીજો છેડો પશ્ચિમ તરફનાં લવણ સમુદ્ર સુધી લંબાયેલો છે. અર્થાત્ પૂર્વ પશ્ચિમ લાંબો છે.

ભરત ક્ષેત્ર પૂરું થતાં ક્ષુલ્લ હિમવંત પર્વત તેનાથી ચાર ગણો મોટો વિસ્તારવાળો છે. મહાહિમવંત પર્વત તેનાથી ચાર ગણો મોટો છે. એમ બમણા વિસ્તારવાળા થતાં જાય છે.

**ક્ષુલ્લ હિમવંત પર્વત** : મહાહિમવંત પર્વત કરતાં લંબાઈ અને વિસ્તારમાં નાનો હોવાથી પહેલો પર્વત ક્ષુલ્લ હિમવંત કહેવાય છે. આ પર્વત ક્ષુલ્લ હિમવંત કરતાં લંબાઈ  અને વિસ્તારમાં મોટો હોવાથી મહાહિમવંત કહેવાય છે.

**નિષધ પર્વત :** નિષધનો અર્થ વૃષભ પણ થાય છે. ત્રીજા પર્વત ઉપર વૃષભ આકારનાં ઘણાં શિખરો હોવાથી આ પર્વતને નિષધ કહેવાય છે.

**નીલવંત પર્વત :** નીલ એટલે વૈડુર્ય નામનો મણિ ચોથો વર્ષધર પર્વત સંપૂર્ણ વૈડુર્ય રત્નમય- નીલ મણિવાળો હોવાથી નીલવંત કહેવાય છે.

**રુકમી પર્વત :** આ પર્વત રૂપામય શાશ્વત હોવાથી રુક્મી કહેવાય છે.

**શિખરીણી પર્વત :** શિખરીણી એટલે વૃક્ષો આ પર્વતો ઉપર વૃક્ષ આકારનાં શિખરો હોવાથી આ પર્વત શિખરી કહેવાય છે.

## સમુદ્રો

જૈન ધર્મની માન્યતા અનુસાર આ સંપૂર્ણ મધ્યલોક ચક્ર (ગોળપૈડા) આકારે શાશ્વત પણે રહેલો છે. તેમાં સમગ્ર મધ્ય (માનવ) લોક ૭૫% પ્રાય: જલભંડાર થી ભરેલો છે. સમુદ્રના સ્વરૂપને જાણે યાદ કરાવતી એવી મહાનદીઓ ભલે આપણે નજરે જોવા ન મળે, પરંતુ આ સમુદ્રો, નદીઓ ક્ષેત્રો અને પર્વતોના વિસ્તૃત વર્ણનો જૈન ધર્મ ગ્રંથોમાં યથાતથ્ય સ્વરૂપે જાણવા મળે છે.

૧ લાખ યોજનવાળા જંબૂદ્વીપને વીંટાઈને લવણ સમુદ્ર બે લાખ યોજનનાં વિસ્તાર વાળો પછી એક એક ખંડને એક એક તે તે નામનાં દ્વીપો અને સમુદ્રો છે. જેમ કે પુષ્કર દ્વીપ, પુષ્કરવર સમુદ્ર, વારૂણીવર દ્વીપ, વારૂણીવર સમુદ્ર ઈત્યાદિ એક – એક દ્વીપ કરતાં બમણા સમુદ્રો બમણા યોજનનાં વિસ્તાર વાળા છે. આવા મધ્યલોકમાં કુલ ૩૨ દ્વીપો છે. અને ૩૨ સમુદ્રો છે. છેક છેલ્લા સ્વયંભૂરમણ નામે સમૂદ્ર છે.

કહેવાય છે કે

| **સ્મુદ્રનું પાણી** | **પાણીનો સ્વાદ** |
|---|---|
| લવણ સમુદ્રનું પાણી | ખારૂં, |
| ક્ષીરવર સમુદ્રનુંદ પાણી | ઉકાળેલા દૂધનાં ઉત્તમ સ્વાદવાળું, |
| ધૃતવર સમુદ્રનું પાણી, | ઉત્તમ ઘીનાં સ્વાદવાળું |
| કાલોદધિ સમુદ્ર, પુષ્કરાવર્ત સમુદ્ર | |
| સ્વયંભૂરમણ સમુદ્ર આ ત્રણ સમુદ્રોનું પાણી | વરસાદનાં પાણીનાં જેવા સ્વાદવાળું, |
| વારૂણીવર સમુદ્રનું પાણી | મદિરાનાં સ્વાદવાળું |
| બાકીનાં બધા સમુદ્રનું પાણી | શેરડીનાં રસનાં જેવું સ્વાદવાળું હોય છે. |

એક લવણ સમુદ્ર ચારેબાજુથી ચક્રવાલ આકારે છે અને તેનું પાણી ખારૂં અને કટુ હોવાથી, તે પાણીમાં રહેલા પ્રાણીઓ સીવાય બીજા બધાને અપેય છે.તેથી તે લવણ સમુદ્ર કહેવાય છે અને લવણસમુદ્રનો અધિપતિ સુસ્થિત દેવ છે.

## દ્વીપ અને સમુદ્ર:

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | જંબૂદ્વીપ | પછી | લવણસમુદ્ર | ૨. | ધાતકીખંડ | પછી | કાલોદધિસમુદ્ર |
| ૩. | પુષ્કરદ્વીપ | પછી | પુષ્કરસમુદ્ર | ૪. | વારૂણીવરદ્વીપ | પછી | વારૂણીવર સમુદ્ર |
| ૫. | ક્ષીરવરદ્વીપ | પછી | ક્ષીરવરસમુદ્ર | ૬. | ઘૃતવરદ્વીપ | પછી | ઘૃતવરસમુદ્ર |
| ૭. | ઈક્ષુવરદ્વીપ | પછી | ઈક્ષુવરસમુદ્ર | ૮. | નંદીશ્વરદ્વીપ | પછી | નંદીશ્વર સમુદ્ર |
| ૯. | અરૂણદ્વીપ | પછી | અરૂણસમુદ્ર | ૧૦. | અરૂણવરદ્વીપ | પછી | અરૂણવર સમુદ્ર |

૧૧. અરૂણવરાવભાસ પછી અરૂપવરાવભાસ ૧૨. અરૂણોપપાત પછી અરૂણોપપાતસમુદ્ર
૧૩. અરૂણોપપાતવર પછી અરૂણોપપાતવર ૧૪. અરૂણોપપાતવરાવભાસ પછી અરૂણોપપાતવરાવભાસ સમુદ્ર
૧૫. કુંડલદ્વીપ પછી કુંડલસમુદ્ર ૧૬. કુંડલવરદ્વીપ પછી કુંડલવર સમુદ્ર
૧૭. કુંડલવરાવભાસ પછી કુંડલવરાવભાસ ૧૮. શંખદ્વીપ પછી શંખ સમુદ્ર
૧૯. શંખવરદ્વીપ પછી શંખવર સમુદ્ર ૨૦. શંખવરાવભાસ પછી શંખવરાવભાસ સમુદ્ર
૨૧. રૂચકદ્વીપ પછી રૂપક સમુદ્ર ૨૨. રૂચકવરદ્વીપ પછી રૂપકવર સમુદ્ર
૨૩. રૂચકવરાવભાસ પછી રૂચકવરાવભાસસમુદ્ર

(આ રીતે બીજા અસંખ્યાત દ્વીપ-સમુદ્ર પછી છેલ્લાં પાંચ)

૧. દેવદ્વીપ = દેવ સમુદ્ર ૨. નાગ દ્વીપ = નાગસમુદ્ર
૩. યક્ષદ્વીપ = યક્ષસમુદ્ર ૪. ભૂત = ભૂતસાગર સમુદ્ર
૫. સ્વયંભૂરમણદ્વીપ = સ્વયંભૂરમણસમુદ્ર

આ જંબૂદ્વીપમાં સંક્ષેપમાં નીચે મુજબના પદાર્થો રહેલા છે.

કુલ ૯ ક્ષેત્રો, ૨૬૯ પર્વતો ૪૬૭ ફૂટો શિખરો, ૧૦૨ તીર્થો ૧૩૬ વીદ્યાધરોની શ્રેણિયો, ૩૪ ચક્રવર્તીને જીતવા યોગ્ય ક્ષેત્રો, ૧૬ મોટાં દ્રહો-સરોવરો, ૧૪૫૬૦૦૦ નદીઓ. ૬૩૫ શ્રી જિન ચૈત્યો. મતાંતરે ૬૫ શ્રી જિનચૈત્યો. આ રીતે સમગ્ર તિર્યંચલોકમાં કુલ અસંખ્ય દ્વીપ - સમુદ્રો અને પર્વતો આવેલાં છે.

તિર્યંચલોકમાં રહેલા દ્વીપ-સમુદ્રનું ટૂંકમાં સ્વરૂપ જણાવ્યું. વિશેષ સ્વરૂપ લોકપ્રકાશજીવાભિગમસૂત્ર શ્રી ભગવતીજી સૂત્રમાં આલેખાયેલું છે.

jainuniversity.org

jainuniversity.org